




## ભાજપનો સ્થાપના દિન ઉજવાયો...

ભારતીય જનતા પાર્ટીની સ્થાપનાને ૩૮ વર્ષ પૂર્ણ થયા, અને ૩૯માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા ૬-૪-૨૦૧૮ના સવારે ૧૦ કલાકે સમગ્ર ગાંધીનગરના તમામ વોર્ડોમાં અનેક વિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેમાં ગાંધીનગરના હોદ્દેદાર મહેન્દ્રભાઈ પટેલ (દાસ) પ્રમુખ, કનુભાઈ દેસાઈ, પંકજજી ઠાકોર, અશોકભાઈ પટેલ, અતુલભાઈ પટેલ, ઉરેનભાઈ પટેલ, વસંતભાઈ રાઠોડ, પદમસિંહ ચૌહાણ, સુરેશચંદ્ર મહેતા, શંકરભાઈ ચૌધરી, સૌ સંગઠનના હોદ્દેદારો સંજીવ મહેતા, કેતન જોષી, હિરાભાઈ દરજી, કનુભાઈ દેસાઈ, મફતભાઈ દેસાઈ, દરેક વોર્ડના પ્રમુખો,મહામંત્રીઓ તથા મહાનગરના સૌ સિનિયર આગેવાનો જોડાયા હતા. ગાંધીનગર તમામ સેકટરોમાં પત્રિકા વિતરણ, સ્ટીકરો તથા કેન્દ્ર સરકાર અને રાજય સરકારના વિકાસના કામો તથા અમલમાં મુકેલ યોજના નો પ્રચાર પસાર કરવામા આવ્યો હતો. ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસ નિમિત્તે આપણે સૌ સેવા પરમો ધર્મના ભાવ સાથે માનવતાની મહેક પ્રસરાવીએ તથા જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચીએ અને ભારત માતા પરમ વૈભવના શિખરે પહોંચે તેવા વિશ્વાસ સાથે અને કટિબદ્ધતાના સંકલ્પ સાથે આગળ વધીએ. ભાજપના સ્થાપના દિવસની ઉજવણીમાં મોટી માત્રામાં ભાજપના આગેવાનો, હોદ્દેદારો, સભ્યો સહિત કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# અડાલજ હાઈવે પર લૂંટ કરતી રીક્ષાગેંગ પકડાઈ

**ઝુંડાલ પાસે ચપ્પુ બતાવીને યુવાનને ટીબી નાંખી લુંટી લીધો હતો : તે જ રાત્રે શેરથા ગરનાળા પાસે પણ આ ગેંગે લુંટ કરી હતી : રૂ. ૬૧ હજારનો મુદ્દામાલ જપ્ત કરી પાંચે ધાડપાડુઓની ધરપકડ**


ગાંધીનગર, તા.૬

ઝુંડાલ ખાતે રહેતા અને મુળ રાજસ્થાનના રમેશજી નાથુભાઈ મીણા ચોથી એપ્રિલે રાત્રે ઝુંડાલ સર્કલ પાસેથી જઈ રહ્યા હતા ત્યારે જીજે ૦૧ ડી.ટી. ૬૧૫ નંબરની રીક્ષા લઈને આવેલા પાંચ શખ્સો તેમની પાસે આવ્યા અને રીક્ષામાંથી ઉતરીને ચપ્પુ બતાવી રમેશજીને ફેંટો મારી તેમની પાસેથી રૂ. ૪૫૦૦ ભરેલું પાકીટ અને બે મોબાઈલ લુંટી લીધા હતા. તે ઉપરાંત કલોલના દિપક વિજય બહાદુર ગોસ્વામીને પણ આ ગેંગે તે જ રાત્રે અડાલજ એસ.ટી. પીકઅપ બસ સ્ટેન્ડ પાસેથી રીક્ષામાં બેસાડી શેરથા ગરનાળા પાસે ચપ્પુ બતાવી તેમની બેગ, પાકીટ અને મોબાઈલ લુંટી લીધો હતો. ધાડની આ બંને ઘટના અંગે અડાલજ પોલિસે તપાસ શરુ કરી દીધી હતી.



અડાલજ પી.આઈ. જે.જી. વાઘેલાની ટીમે બાતમી મેળવી આ ધાડપાડુઓને પકડી પાડયા છે. રીક્ષા માલિક ભાટ ગામના અજય ઉર્ફે અપ્પુ ઉત્તમ ભોજૈયાને પકડી તપાસ કરતાં તેના અન્ય સાગરીતોના નામ ખુલ્યા હતા. અન્ય સાગરીતો સરદારનગરના ધર્મેન્દ્ર રાજેન્દ્ર દંતાણી, અસારવાના વિશાલ મણીલાલ પટણી, કરણ અશ્વિન પટણી અને વિશાલ ઉર્ફે ભોલો કિશન પટણી મળી પાંચેયની ધરપકડ કરી લઈ લુંટમાં ગયેલી બેગ, રોકડ રૂ. ૧૧,૧૫૦ તથા ગુનામાં વપરાયેલી રીક્ષા કબ્જે લઈ અડાલજ પોલિસે ઉંડી પુછપરછ શરુ કરી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**બે ગોળી સવાર - સાંજ લેવાની છે અને ઘર આગળ બે ઝાડ વાવી દેજો અને બાઈક તેની નીચે મુકજો... જેથી ભવિષ્યમાં પણ ઝાડા નહીં થાય... !!**

## ધો-૬ થી ૮ની કસોટીમાં મહાત્મા મંદિર અને વિવેકાનંદ છવાયા

ગુણોત્સવમાં આજે ધો-૬ થી ૮ની કસોટીમાં પુછાયેલા પ્રશ્નોને પગલે વિદ્યાર્થીઓ મુંઝાયેલા જણાયા હતા. આજે ધો-૬માં કસોટી દરમિયાન વિવેકાનંદના જીવન ચરિત્રનો એક ફકરો મુકી તે વાંચી તેના પ્રશ્નોના જવાબ પુછવામાં આવ્યા હતા. તો ધો-૭માં આલેખને ધ્યાને રાખી અને પ્રશ્નો ઉપરાંત સમીકરણને લઈ કેટલાક પ્રશ્નોથી બાળકો મૂંઝવણ અનુભવતા જણાયા હતા.

ધો-૮ની કસોટીમાં સૂર્યાસ્તની સંધિ, શબ્દાર્થને લગતા તેમજ વ્યંજનોને લઈ પણ એક બે પ્રશ્નો અને રૂઢિપ્રયોગોને લઈ વાકયરચનાના પ્રશ્નો ઉપરાંત જોડણીને લગતા પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. મહાત્મા મંદિરનો પણ પ્રશ્ન વિશેષણને લઈ પુછાયો હતો. આજે ૧૦૦ માર્કસની આ કસોટી માટે બાળકોની તૈયારી હતી પણ કયાંક કયાંક આત્મવિશ્વાસની કમી જોવા મળતી હતી.

# સેકટર-૧૪માં ખડકાયેલા આરસીસીના ઢગલા કયારે હટશે

શહેરના સેકટર-૧૪ પાસે મહાત્મા મંદિરને અનુલક્ષીને દાંડી કુટીરનું કામ શરુ હતું ત્યારે દાંડી કુટીરનું કામ કરતી કંપનીના



કર્મચારીઓ દ્વારા સે-૧૪ ના રહેણાંક વિસ્તાર પાસે આરસીસીનો કચરાનો ખડકલો કરાયો હતો.જે બાદમાં લઈ લેવામાં આવશે તેમ વસાહતીઓને જણાવ્યું હતું. પરંતુ દાંડી કુટીરના કામના સમયે પતરાની આડશ ઉભી કરાઈ હતી. ત્યારબાદ કામગીરી પૂર્ણ થતા પતરાની આડશ દુર કરવામાં આવી છે. જેને પગલે કચરાનો ઢગલો દરેક નાગરીકને દેખાય છે. આ કચરાના ઢગલામાંથી કચરો ઉડીને રહેણાંક વિસ્તારમાં જતો હોવાથી નાગરીકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે.ત્યારે આ કામ સંભાળતી એજન્સીની ઓફિસમાં અનેક વખત વસાહતીઓ દ્વારા રજુઆત કરવા છતા ખાનગી એજન્સી કચરો દુર કરવાની નાગરીકોની વાત ધ્યાને લેતી નથી. જયારે મહાત્મા મંદિરે વિવિધ નેશનલ તેમજ ઈન્ટરનેશનલ કક્ષાના કાર્યક્રમ યોજાય છે.ત્યારે આ ઢગલો સોનાની થાળીમાં લોઢાની મેખ સમાન લાગી રહ્યો છે. ત્યારે તાત્કાલીક અસરથી આરસીસીનો ઢગલો દુર કરવા વસાહતીઓએ તંત્ર સમક્ષ રજુઆત કરી છે. ત્યારે સેકટર-૧૪ માં ખડકાયેલો કચરાનો નિકાલ તંત્ર દ્વારા કયારે લવાશે તેની રાહ વસાહતીઓ જોઈ રહ્યા છે. જો આ કચરાનો ટુંક સમયમાં નિકાલ નહીં કરવામાં આવે તો આ કચરાનો ઢગલો વસાહતીઓ દ્વારા મહાત્મા મંદિરની સામેના માર્ગ પર નાંખી દેવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે.




કૈસાસબેન રમેશચંદ્રની પ્રથમ પુણ્યતિથી નિમિત્તે સે-૩ સી કલ્ચરલ સ્કવેર ખાતે સુંદરકાંડના સંગીતમંય પાઠનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. સંજય ભારતી ગોસ્વામીની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ યોજવામાં આવ્યો હતો. ગાંધીનગરના મેયર પ્રવિણ પટેલ , સ્થાનિક નગરસેવક જયરાજસિંહ વાઘેલા, રાકેશ પટેલ હિરલબેન જોષી સહીત મોટી સંખ્યામાં સેકટરવાસીઓએ પાઠનો લાભ લીધો હતો.

## સે-૬માં માર્ગ બનાવવા માટે કોર્પોરેટરની તંત્રને લેખિત રજુઆત

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર મહાનગર પાલિકા વોર્ડ નં-૭ માં સમાવેશ સે-૬ ના આંતરીક માર્ગોની હાલત અત્યંત દયનીય છે. ઉબડ-ખાબડ માર્ગો પર વાહન ચલાવવું પણ નાગરીકો માટે મુશ્કેલી સમાન છે. ત્યારે સેકટર-૬ માં તાત્કાલીક અસરથી માર્ગ બનાવવા માટે સ્થાનિક કોર્પોરેટર હિરલ જોશીએ તંત્ર સમક્ષ લેખિત રજુઆત કરી છે.

સે-૬માં આંતરીક માર્ગ બનાવવા માટે અગાઉ લેખિતમાં વારંવાર રજુઆત કરાઈ છે. ગાંધીનગર મનપા દ્વારા પાટનગર યોજના વિભાગને નવા રોડ બનાવવા માટે રૂપીયાની ફાળવણી કરવામાં આવી છે. જેને અંતર્ગત શહેરના સેકટરોમાં તમામ રીંગરોડ તથા આંતરીક રસ્તાઓ પર નવા રોડ બની ગયા છે. પરંતુ વોર્ડ નં-૭ માં સમાવેશ સેકટર-૬ ને આ કામથી બાકાત રાખવામાં આવેલ છે. સેકટરમાં હજુ સુધી નવા રોડ બનાવવાની કામગીરીનો પ્રારંભ થયો નથી. આ સેકટરમાં માર્ગ સંપૂર્ણપણે તુટી ગયેલ છે. રોડ પરથી કપચી ઉખડી ગઈ છે જે વાહનચાલકો માટે ઝોખમી બની શકે છે. સે-૬ સિવાય તમામ સેકટરના માર્ગો તૈયાર થઈ ગયા છે. ત્યારે માત્ર સે-૬ ને માર્ગ ન બનાવીને વંચિત રાખવામાં આવ્યું છે. જેને પગલે વસાહતીઓમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે સ્થાનિક કોર્પોરેટર હિરલબેન જોશીએ તંત્રને લેખિત રજુઆત કરીને તાત્કાલીક ધોરણે સે-૬ માં માર્ગ બનાવવા રજુઆત કરી છે.

## ગૌણસેવા દ્વારા ૨૦મી મે ના રોજ જમાદાર માટેની લેખિત પરીક્ષા લેવાશે

ગાંધીનગર, તા. ૬


ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળ આયોજીત નશાબંધી અને આબકારી ખાતાના જમાદાર વર્ગ-૩ની સીધી ભરતી માટે ૨૦મી મે ૨૦૧૮ના રોજ લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા યોજાશે.

ગૌણસેવા પસંદગી મંડળ દ્વારા થોડા સમય અગાઉ નિયામક નશાબંધી અને આબકારી ખાતામાં વર્ગ-૩ સંવર્ગની જમાદારની ખાલી જગ્યાઓ માટે જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી હતી. જેમાં રાજ્યભરમાંથી ૭૦,૮૪૫ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી છે. જે માટે સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાનું મંડળ દ્વારા આગામી ૨૦મી મે ૨૦૧૮ના રોજ આયોજન કર્યુ છે. જેમાં રાજ્યના ગાંધીનગર, અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત જિલ્લાના મથકો પર વિવિધ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા લેવામાં આવશે.

## આજે બલરામ ભવન સે. ૧૨ ખાતે દાદા ભગવાન પરિવાર દ્વારા પાંચ આજ્ઞા માર્ગદર્શન શિબિર

દાદાભગવાન પરિવાર ગાંધીનગર સેન્ટર દ્વારા પાંચ આજ્ઞા અંગેના વર્કશોપનું આયોજન તા. ૭-૪-૨૦૧૮ સમય સાંજના ૮ થી ૧૦ કલાક દરમ્યાન બલરામ ભવન સે. ૧૨ ગાંધીનગર ખાતે યોજવામાં આવનાર છે. જેના માર્ગદર્શન માટે ઉપરોક્ત કાર્યક્રમમાં પુજ્ય નિરૂમા અને પુજ્ય દિપકભાઈના આશિર્વાદ પ્રાપ્ત માહાત્મા હાજર રહી પાંચ આજ્ઞાના અંગે માર્ગદર્શન આપશે. તો ગાંધીનગરના ધર્મપ્રેમી ભાઈઓએ અને બહેનોએ લાભ લેવા અનુરોધ કરાયો છે.

## માહિતી નિયામક તરીકે પદભાર સંભાળતા અશોક કાલરીયા



ગાંધીનગર, તા. ૬

રાજ્યના માહિતી નિયામક તરીકે અશોક કાલરીયાએ શુક્રવારે પદભાર સંભાળ્યો હતો. તેઓ ૧૯૮૯ની બેચના નાયબ કલેકટર તરીકે સનદી સેવામાં હાજર થયા હતા. કાલરીયા આ પહેલા પોરબંદર કલેકટર તરીકે કાર્યરત હતા.

માહિતી નિયામક અશોક કાલરીયાએ સૌરાષ્ટ્રના ગીર સોમનાથ, જૂનાગઢ, જામનગર, પોરબંદર, રાજકોટ, દેવભૂમિ-દ્વારકા જિલ્લાઓમાં વિવિધ જગ્યાઓ પર ફરજ બજાવી હતી.



ભારતીય જનતા પાર્ટીના ૩૯ માં સ્થાપના દિવસ નિમિત્તે જિલ્લા ભાજપ દ્વારા પત્રિકા વિતરણ અને ભાજપ ગૌરવ ગાથાના કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. આ તબક્કે ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર, જિલ્લા મહામંત્રી આઈ બી વાઘેલા મહીલા મોરચાના પ્રમુખ છાયા ત્રિવેદી તાલુકા મંડળના પ્રમુખ જશુભાઈ પટેલ , તાલુકા સદસ્ય ડેપ્યુટી સરપંચ કમલેશ જોષીએ ભાજપની વિકાસગાથા રજુ કરી સૌને માહીતગાર કર્યા હતા.

## દલિત અધિકાર સંઘ ગુજરાત અનુસૂચિત જાતિના સફળ ઉમેદવારોનું સન્માન કરશે

દલિત અધિકાર સંઘ - ગુજરાતના અધિસ્થાપક અને પૂર્વમંત્રી સ્વ. ફકીરભાઈ વાઘેલાની ૩૦મી એપ્રિલ ૨૦૧૮ના રોજ પાંચમી પુણ્યતિથિ છે. જે નિમિત્તે અનુસૂચિત જાતિના સરકારી નોકરીમાં સફળ થનાર યુવાનોનો સન્માન સમારોહ યોજાશે. પૂણ્યતિથિની પૂર્વ સંધ્યા તા. ૨૯ એપ્રિલ ૨૦૧૮ના રોજ રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં વર્ગ-૧, વર્ગ-૨ વર્ગ-૩ તથા વર્ગ-૪ની જગ્યાઓમાં અધિકારી-કર્મચારી તરીકે પસંદગી પામનાર અનુસૂચિત જાતિના સફળ ઉમેદવારોનો સન્માન સમારોહ યોજાશે. જેથી ગાંધીનગર સફળ થયેલા ઉમેદવારોએ નામ, સરનામા, સંપર્ક નંબર, સંવર્ગ કચેરી, જાતિ પ્રમાણપત્ર તથા તાજેતરનો પાસપોર્ટ સાઈઝના ફોટા સાથેની વિગતો તા. ૧૫મી એપ્રિલ ૨૦૧૮ સુધીમાં કાંતિભાઈ પરમાર પ્લોટ નં. ૨૨૮/૨, સેક્ટર-૫-એ, મો. નં. ૯૪૨૭૬૦૧૫૧૫, ચંદ્રવદન પરમાર પ્લોટ નં. ૬૮૫/૧, સે. ૫-બી ગાંધીનગર, મો. નં. ૯૯૨૪૭ ૨૫૧૭૫ પર રૂબરૂ અથવા પોસ્ટ મારફતે મોકલી આપશો.

## શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે ટીબીના કર્મચારીઓએ ધરણા યોજ્યા

ગાંધીનગર, તા. ૬

રાજયમાં ટી.બી. જેવા રોગની સારવારમાં જોડાયેલા ૮૦૦થી વધુ કર્મચારીઓ આજે




પોતાની પડતર માંગણી સાથે ગાંધીનગર આવ્યા હતા અને સે. ૬ સત્યાગ્રહ છાવણી ખાતે કર્મચારીઓએ એક દિવસીય ધરણા પ્રદર્શન યોજી જિલ્લા કલેક્ટર તેમજ આરોગ્યમંત્રીને આવેદનપત્ર આપી યોગ્ય કરવા રજુઆત કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ટીબીના કર્મચારીઓની પડતર માંગણીઓમાં પગાર વધારો, મેડીકલ રજાઓ, કાયમી કરવા સહિતનો સમાવેશ થાય છે. રામધુન, હનુમાન ચાલીસા પાઠ બોલીને કર્મચારીઓએ અનોખો વિરોધ નોંધાવ્યો હતો. રાજય સરકાર હસ્તક ચાલી રહેલી યોજનામાં કામ કરતી મહિલા કર્મચારીઓને પણ મેડીકલ રજાઓનો પગાર નહી મળતો હોવાની વાત સાથે અન્ય પ્રશ્નોને લઈ વિરોધ નોંધાવ્યો છે.

**અટક બદલેલ છે**

મારી જુની અટક / નામ પટેલ તન્વી નટવરભાઈ હતું તે અટક બદલી ચૌધરી તન્વી નટવરભાઈ રાખેલ છે.

લી.
ચૌધરી તન્વી નટવરભાઈ
મુ. લક્ષ્મીપુરા, તા. ખેડબ્રહ્મા, જી. સાબરકાંઠા

**નિયામકશ્રી, સમાજ સુરક્ષા**
**બ્લોક નં. ૧૬, ભોંયતળીયે, ડો. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર - ૩૮૨૦૧૦**

સમાજ સુરક્ષા હસ્તકના N.G.O. ને ડાયરેક્ટ પેમેન્ટ માટેનું સોફટવેર બનાવવા બાબતે ક્વોલિફાઈડ પાર્ટી પાસેથી ટેન્ડર ફોર્મ મંગાવવામાં આવે છે. આ ફોર્મ તા. ૯/૪/૨૦૧૮ થી તા. ૧૭/૪/૨૦૧૮ દરમિયાન સમાજ સુરક્ષાની ડી.પી. શાખામાંથી મેળવી શકાશે. ફોર્મ પરત કરવાની છેલ્લી તા. ૨૪/૪/૨૦૧૮ નક્કી કરેલ છે. તો રસ ધરાવતી સંસ્થાએ પોતાના ભાવતાલ પત્રકો ફોર્મ સાથે ડી.પી. શાખાને તા. ૨૪/૪/૨૦૧૮ સુધીમાં ઉપર દર્શાવેલ સરનામે આર.પી.એ.ડી.થી મળી રહે તે રીતે મોકલવાના રહેશે.

સહી/-
માહિતી/૩૭/૧૮-૧૯ નિયામક, સમાજ સુરક્ષા

**જાહેર નોટીસ**

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે જીલ્લા : ગાંધીનગરના તાલુકા : ગાંધીનગરના મોજે : આલમપુર ગામની સીમના રીસર્વે / પ્રમોલગેશન પૂર્ણ થયા બાદના ખાતા નં. ૪૦૧ હેઠળ ચાલતી બ્લોક નં. ૨૭૦ ની ૬૬૦૧ ચોરસમીટર (જુના બ્લોક નં. ૩૪૪/બ ની ૬૩૮૩ ચોરસમીટર) જુની શરતની ખેતીની જમીન અંબાબેન અશોકભાઈ ચૌધરીએ પોતાની કુલ સ્વતંત્ર માલિકી, પ્રત્યક્ષ કબજા, ભોગવટામાં તમામ પ્રકારના બોજાથી મુક્ત રીતે મુળભુત જુની શરતે આવેલી હોવાનું જણાવીને મજકુર જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને મજકુર જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની અમારી પાસે માંગણી કરેલ છે.

ઉપરોક્ત જમીન ઉપર/પરત્વે અંબાબેન અશોકભાઈ ચૌધરી સિવાય અન્ય કોઈપણ વ્યક્તિનો ગણોત હક્ક, ખેડ હક્ક, વારસાઈ હક્ક, રસ્તાનો હક્ક, વેચાણ હક્ક, કબજા હક્ક કે અન્ય કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, લીસપેનડન્સ, બોજો, ચાર્જ કે લીયન હોય તો તેમણે આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તેઓના વાંધા / હક્ક અંગેની લેખિત જાણ દસ્તાવેજી આધાર-પુરાવા સહિત રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે કરવી. જો તેમ નહિં કરવામાં આવે તો ઉપરોક્ત જમીન ઉપર/પરત્વે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, લીસપેનડન્સ, બોજો, ચાર્જ કે લીયન નથી અને જોય હોય તો તેમણે તેમના તેવા વાંધા / હક્ક જતા (Waive) કરેલ છે, તેમ ગણીને મુદત વીત્યેથી ઉપરોક્ત જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને અમારા અસીલની તરફેણમાં મજકુર જમીનના વેચાણની કાર્યવાહી પુર્ણ કરવામાં આવશે. ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા, તકરાર કે દાવા-દૂવી ચાલશે નહિં તે જાણવું.

**હેમંત વી. મકવાણા-એડવોકેટ • ભૂમિ એચ. અંબાસણા-એડવોકેટ**
૧૦૪/એ, સમૃદ્ધિ કોમ્પલેક્ષ, ઈન્કમટેક્ષ અંડરબ્રિજ પાસે, અમદાવાદ. ફોન : ૯૮૭૯૩૨૮૦૦૭